**<u>આંક : ૧ લગત હુકમ</u>**

(૧) હાલનો રેફરન્સ તા. ૧૭/૦૯/૨૦૨૦ના રોજ અત્રેની અદાલતમાં મદદનીશ શ્રમ આયુક્ત, આણંદ દ્વારા રીફર કરવામાં આવેલ છે. ત્યારબાદ પક્ષકારોને નોટીસનો હુકમ કરતાં **આંક : ૩** અને **આંક : ૪**થી ધોરણસરની નોટીસ **આંક : ૫** અને **આંક : ૬**ની એક્નોલેજમેન્ટથી બજવણી થયેલ છે. ત્યારબાદ **આંક : ૧૨**થી બીજા પક્ષકારે તા. ૧૫/૦૬/૨૦૨૧ના રોજ માંગણા નિવેદન રજુ રાખેલ છે. **આંક : ૧૭**થી તા. ૧૪/૦૯/૨૦૨૧ના રોજ પ્રથમ પક્ષકાર તરફે લેખિત જવાબ રજુ રાખેલ છે. ત્યારબાદથી બીજા પક્ષકારના પુરાવાના સ્ટેજે બીજા પક્ષકાર તા. ૧૪/૦૯/૨૦૨૧ના રોજ ગેરહાજર રહેલ છે છતાં ન્યાયના હિતમાં તા. ૨૮/૦૯/૨૦૨૧ના રોજની મુદત આપવામાં આવેલ. તા. ૨૮/૦૯/૨૦૨૧ના રોજ પણ ગેરહાજર રહેતાં આજરોજની મુદત આપવામાં આવેલ. આજરોજ કલાક–૧૦.૪૫ થી કલાક–૩.૦૬ સુધી બીજા પક્ષકારનો વારંવાર પોકાર કરાવવા છતાં હાજર નથી, તેઓના પ્રતિનિધીશ્રી પણ હાજર નથી, ગેરહાજરી અંગે કોઈ રજુઆત નથી જે જોતાં અત્રેની અદાલત દ્વારા બીજા પક્ષકારને પોતાનો પુરાવો રજુ રાખવા માટે પુરતી, વ્યાજબી અને ન્યાયી તકો આપવામાં આવેલ હોવા છતાં બીજા પક્ષકાર કોર્ટ રૂબરૂ હાજર ન હોય જે જોતાં બીજા પક્ષકારને પોતાનો પુરાવો રજુ રાખવા વધુ સમય આપી શકાય તેમ ન હોય અને બીજા પક્ષકાર લાંબા સમયથી પોતાનો પુરાવો રજુ રાખતા ન હોય, બીજા પક્ષકારને હાલનો રેફરન્સ ચલાવવામાં રસ જણાતો ન હોય, બીજા પક્ષકાર પુરાવો રજુ રાખતા ન હોય તે કારણોસર હાલનો રેફરન્સ કાઢી નાખવાનો હુકમ કરવામાં આવે છે.

**Date : 02/11/2021**
**Place : ANAND**

**MS. NIMISHA GANGARAMBHAI SURATI**
**GJ00711**
**PRESIDING OFFICER**
**(Judge)**
**LABOUR COURT,ANAND.**

K.K.PRANKADA : PA